**ફોજદારી કેસ નં. ૩૫૦૨૯૧૨/૨૦૧૧**

## આંક–૧ લગત હુકમ

**૧.** આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી તથા ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળ ના નિર્દેશો અનુસાર યોજેલ આજરોજની નેશનલ લોકઅદાલતમાં સ્પેશીયલ સીટીગનું પણ આયોજન કરેલ છે જેમાં ન્યાયીક સતા નો ઉપયોગ થઈ શકે છે અને ન્યાયીક હુકમ પસાર કરી શકાય છે. જે સ્પેશીયલ સીટીગમાં હાલનો કેસ રાખવામાં આવેલ છે.

**૨.** રેકર્ડ ધ્યાને લીધુ, ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ સને– ૨૦૧૧માં આરોપી વિરુઘ્ધ દાખલ કરવામાં આવેલ છે અને ગુનાનુ સંજ્ઞાન લઈ આરોપી વિરુઘ્ધ નેગો.ઈન્સ્ટ્રુ.એકટ કલમ– ૧૩૮ અન્વયેના પ્રોસેસ કાઢવા હુકમ કરવામા આવેલ છે, ત્યારબાદ આરોપી હાજર થતાં આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને સદર કેસ ફરીયાદપક્ષના પુરાવાના તબ્બકે પેન્ડીગ પડી રહેલ છે આ કામે ફરીયાદી તરફે ફરીયાદી જાતે કે વકીલશ્રી મારફતે હાજર રહેતાં નથી ફરીયાદીને હાજર રહી પુરાવો રજુ કરવા તથા ઉલટતપાસ માટે હાજર રહેવા અવાર નવાર તકો આપેલ છે અને ફરીયાદી કે તેમના વકીલશ્રી પણ હાજર રહેતાં નથી. આ કામે આરોપી તથા તેમના વકીલશ્રી હાજર રહેલ છે અને ફરીયાદીની ગેરહાજરીના કારણોસર હાલની ફરીયાદ રદ કરવા આંક–૦૯ થી અરજી રજુ કરેલ છે જે અરજી સુનવણી માટે રાખવામાં આવેલ જેની સુનવણીમાં પણ ફરીયાદીપક્ષે કોઈ હાજર રહેલ નથી અને ત્યારબાદ આરોપીપક્ષને સાંભળી યોગ્ય હુકમ માટે આજરોજ સ્પેશીયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટમાં સદર કામ રાખેલ છે. આમ, રેકર્ડ ધ્યાને લેતાં ફરીયાદીને સતત ગેરહાજરીના કારણોસર કેસની કાર્યવાહી આગળ ચાલી શકતી નથી અને સદર કેસ ઘણો જ જુનો કેસ છે આ સંજોગોમા ફરીયાદીને કેસની કાર્યવાહી આગળ ચલાવવામા કોઈ જ રસ ન હોવાનુ ફલીત થાય છે. આમ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદી કેસની કાર્યવાહી ચલાવવા હાજર રહેલ નથી અને ફરીયાદીની સતત ગેરહાજરી તથા બેદરકારી જણાઈ આવે છે અને સદર કેસ ઘણા વર્ષોથી બીનઅસરકારક રીતે પડી રહેલ છે અને ફરીયાદપક્ષે કોઈ જ અસરકારક પગલા ભરેલ નથી અને વધુ સમય હાલની ફરીયાદ પડતર રાખી શકાય નહી.

**૩.** આ સબંધે નામ.સુપ્રીમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામીરેડ્ડી, (૨૦૦૮)(૦) એ.આઈ.આર. (એસ.સી.) ૨૦૬૬ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરીયાદીને અચોકકસ સમયગાળા માટે ફરીયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહી તે સાથોસાથ નામ.ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નંબરઃ ૨૪૦૫/૦૯ તા.૧૮.૧.૧૦નો ચૂકાદો ધ્યાને લેતાં તેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રીય પ્રયાસ કરતાંના હોય તો તેને ફરીયાદ પક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરીયાદ રદ થવાને પાત્ર છે. આ કેસમાં પણ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ કરવાને પાત્ર હોઈ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

હાલની ફરીયાદ ફરીયાદીની બેદરકારી અને કસુરના કારણે ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૬ અન્વયે રદ કરવામાં આવે છે અને આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૨ મી, માહે માર્ચ સને ૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સીટીગ ઓફ મેજીસ્ટ્રટ કોર્ટમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(આર.સી.સોઢાપરમાર)
તા.૧૨/૦૩/૨૦૨૨ એડી.ચીફમેટ્રોપોલીટનમેજીસ્ટ્રેટ
અમદાવાદ. ને.ઈ.એ.કોર્ટનં.૩૭,અમદાવાદ.
સ્પેશીયલ સીટીગ ઓફ મેજીસ્ટ્રટ
GJ 01158